| | | |
|---|---|---|
| सत्यमेव जयते | દાખલ તારીખ | ૧૧/૦૧/૨૦૧૮ |
| | રજીસ્ટ્રેશન તારીખ | ૧૧/૦૧/૨૦૧૮ |
| | ફેંસલ તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| | સમયગાળો | **વર્ષ – માસ – દિવસ**<br>**૦૮ – ૦૪ – ૨૬** |

## કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન. જે. નાચી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.

**ક્રિમીનલ કેસ નં.૫૯/૨૦૧૮**

**આંકઃ**

**(કલોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૭૩/૨૦૧૭)**

| | | | |
|---|---|---|---|
| **ફરિયાદી** | **:** | **શ્રી સરકાર** | |
| **આરોપી** | **:** | **૧.** | **કનુજી ફકીરજી ઠાકોર**<br>ઉ.વ.૨૫,<br>રહે : મ.નં.૧૩૨,લાયન્સ નગર,<br>આરસોડીયા, તા.કલોલ,<br>જી.ગાંધીનગર. |
| **ફરિયાદ પક્ષે** | **:** | | **વિ.એ.પી.પી. શ્રીમતી એસ. એસ. રાઠોડ** |
| **આરોપીપક્ષ તરફે** | **:** | | **વિ.વ.શ્રી ડી.કે.વાઘેલા** |

**ફોર્મ - "બી"**

| | | |
|---|---|---|
| **ગુન્હાની તારીખ** | **:** | તા.૨૪/૦૭/૨૦૧૭ |
| **એફ.આઈ.આર. તારીખ** | **:** | તા.૨૪/૦૭/૨૦૧૭ |
| **ચાર્જશીટ રજુ તારીખ** | **:** | તા.૧૭/૧૨/૨૦૧૭ |
| **તહોમતનામું ઘડયા તારીખ** | **:** | તા.૩૦/૦૭/૨૦૧૮ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | **:** | તા.૦૬/૦૩/૨૦૧૯ |
| **ચૂકાદા પર રાખ્યા તારીખ** | **:** | તા.૦૯/૦૪/૨૦૨૬ |
| **ચૂકાદા તારીખ** | **:** | તા.૦૬/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જે હોય તો** | **:** | – |

## આરોપીની વિગતો

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | આક્ષેપિતગુન્હો | નિર્દોષ /સજા | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કનુજી ફકીરજી ઠાકોર | તા.૨૪/૦૭/૨૦૧૭ | – | પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઇ), ૧૧૬ મુજબ. | નિર્દોષ | – | – |

## ફોર્મ – "સી"

**એ. ફરિયાદ પક્ષ તરફેના મૌખિક પુરાવાનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૮ | દિનેશજી અમીરજી ઠાકોરની જુબાની | પંચ |
| ૨. | ૧૦ | રાજેન્દ્રપ્રસાદ નટવરલાલની જુબાની | સાહેદ |
| ૩. | ૧૧ | રોહિતસિંહ નાથુસિંહની જુબાની | સાહેદ |
| ૪. | ૧૨ | નરેશભાઇ વીરજીભાઇની જુબાની | ત.ક.અમલદાર |
| ૫. | ૧૯ | વિજયસિંહ નવલસિંહની જુબાની | ફરીયાદી |

**બી. ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૨. | ૨૦ | ફરીયાદ. |

## –: ચૂકાદો :–

**ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ**

(૦૧) ફરિયાદ પક્ષના કેસની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૭/૨૦૧૭ ના કલાક ૧૭:૦૦ વાગે મોજે ધમાસણા ગામના સીમાડામાં આવેલ ચરાની બાજુમાં આવેલ હારીયાના તળાવના કિનારા ઉપર આવેલ બાવળના ઝાળાઓમાં રોયલ જનરલ રીઝર્વ કંપનીની વ્હીસ્કીની કાચની ૭૫૦ મી.લી.ની સીલબંધ બોટલો નંગ–૪૩ તથા પાર્ટી હીટ ડીલક્ષ કંપનીની વ્હીસ્કીની કાચની બોટલો નંગ–૧૦ એમ કુલ બોટલો નંગ–૫૩, જેની કિંમત રૂ.૧૫,૯૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર નવસો પુરાં)ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ જઈ **પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઈ),૧૧૬(બી)** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો બાબતઃ**

(૦૨) આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, સંહિતાની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં, તેઓને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આરોપી નં.૦૨ સામે **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવેલ છે અને **આંક–૦૫ થી** પ્લી નોંધતા આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી, આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદ પક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતઃ**

(૦૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત **ફોર્મઃસી** માં ફરિયાદ પક્ષના સાક્ષીઓની યાદીમાં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેમજ ફરિયાદ પક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝડ કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ**

(૦૪) ફરિયાદ પક્ષે તરફે પુરાવો પૂર્ણ થયા બાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા સારૂ કામ મુલત્વી રાખવામાં આવેલ પરંતુ, આ કામના આરોપી હાજર રહેતાં ન હોઈ, આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**ફરિયાદી તથા આરોપી પક્ષે દલીલોઃ**

(૦૫) સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ દલીલો કરેલ છે કે, આરોપી ઉપર ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. આવા પ્રકારના ગુન્હાના કારણે સમાજને નુકસાન થઈ રહેલ છે. ફરિયાદીએ તેમની ફરિયાદ મુજબ જુબાની આપેલ છે. તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લેતાં, ગુન્હાની હકીકતો અને તપાસને સંપૂર્ણ સમર્થન કરેલ છે. ફરિયાદ પક્ષ ગુન્હાની તમામ હકીકતોને લેખિત તેમજ મૌખિક આધાર–પુરાવાથી પુરવાર કરી શકેલ છે. તેવા સંજોગોમાં આરોપીને કાયદા મુજબ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપી કે તેમના વિ.વ.શ્રી સદર કેસના કામે હાજર રહેતાં ન હોઈ, આરોપી પક્ષનો દલીલ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૦૬) આ કામના ન્યાયિક નિર્ણય હેતું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૪/૦૭/૨૦૧૭ ના કલાક ૧૭:૦૦ વાગે મોજે ધમાસણા ગામના સીમાડામાં આવેલ ચરાની બાજુમાં આવેલ હારીયાના તળાવના કિનારા ઉપર આવેલ બાવળના ઝાળામાં રોયલ જનરલ રીઝર્વ કંપનીની વ્હીસ્કીની કાચની ૭૫૦ મી.લી. ની સીલબંધ બોટલ નંગ–૪૩ તથા પાર્ટી હીટ ડીલક્ષ કંપનીની વ્હીસ્કીની કાચની બોટલ નંગ–૧૦ એમ કુલ બોટલ નંગ–૫૩, જેની કિંમત રૂા.૧૫,૯૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર નવસો પુરાં) ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ **પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઈ), ૧૧૬(બી)** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

૨. શું હુકમ ?

**(૬.૧)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

**૨. આખરી હુકમ મુજબ.**

**(૦૭) રેકર્ડ થયેલ પુરાવાનો ટૂંકસારઃ–**

**(૭.૧) આંક : ૧૯** થી **ફરિયાદી – વિજયસિંહ નવલસિંહે** તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "અમો તા.૨૪.૦૭.૧૭ ના રોજ અમો કલોલ તાલુકા

પો.સ્ટે.માં એલ.આર. તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે અમો તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતાં–ફરતાં ધમાસણા ગામના નાકે આવેલ એસ.આર.પેટ્રોલ પંપ પાસે આવતાં બાતમી મળેલ કે ધમાસણા ગામના સીમાડા પાસે આવેલ હારીયાના તળાવના કિનારા નજીક બાવળના ઝાળામા કનુજી ફકીરજી ઠાકોર ગે.કા. પરપ્રાંતિય ઇંગ્લીશ દારૂની બોટલોનો સગ્રહ કરી રાખેલ છે. જેથી, બાતમીવાળી જગ્યાએ નજીકમાંથી પંચો બોલાવી રેઇડ કરવાની સમજ કરી પ્રોહી રેઇડ કરતા રેઇડ દરમ્યાન એક ઇસમ બાવળના ઝાળામાં બેસલ હતા તેનું નામ પુછતાં પોતાનું નામ કનુજી ફકીરજી ઠાકોર રહે. આરસોડીયા કલોલવાળા જણાવેલુ અને એક ઝાડના થળના ઓથમાં વીમલ પાન મસાલા લખેલ થેલાઓ નંગ–૦૩ મળી આવેલા જેમા જોતા કુલ–૫૩ કાચની ઇગલીશ દારૂની શીલબધ બોટલો અલગ–અલગ માર્કાની મળી આવેલ જેની કિંમત રૂા.૧૫,૯૦૦/– ગણી વિગતવારનું પચનામું કરેલુ. આરોપી વિરૂદ્ધ અમોએ ફરીયાદ આપેલી. જે ફરિયાદ આજરોજ રજુ કરૂ છું, જેમાં ફરિયાદી તરીકે મારી સહી ઓળખી બતાવું છું. હું આરોપીને જોયેથી ઓળખું છું."

ફરિયાદીની બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે, પેટ્રોલીગમાં માત્ર પોલીસ સ્ટાફના માણસો જ હતા. એ વાત ખરી છે કે, મારી ફરિયાદમાં ઉલ્લેખ નથી કે અમો પોલીસ સ્ટાફના માણસો કેટલેથી કેટલા સમયમાં પેટ્રોલીગમાં હતા. એ વાત ખરી છે કે, અમો પેટ્રોલીગમાં હતા તેની સ્ટેશન ડાયરીમાં નોધ કરેલ નહિ. એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ ખુલ્લી જગ્યામાંથી તેમજ બિનવારસી મળેલો. એ વાત ખરી

નથી કે, આરોપીની અંગઝડતીમાંથી કહેવાતો મુદ્દામાલ મળેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ ઝડના થળમાંથી મળેલો. સાહેદ જણાવે છે કે, આરોપીએ બતાવેલ. એ વાત ખરી છે કે, મારી ફરિયાદમાં પંચોના નામ લખેલા નથી. એ વાત ખરી નથી કે, બિનવારસી મુદ્દામાલ મળેલ હોવા છતાં ખોટી ફરિયાદ કરી ખોટી જુબાની આપું છું."

(૭.૨) **આંક : ૦૮** થી પંચ સાહેદ **દિનેશજી અમીરજી ઠાકોર** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''આશરે એકાદ વર્ષ પહેલા પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરાવેલ, કઇ જગ્યાએ કરાવેલ તે તેઓને હાલ યાદ નથી. તેઓને **આંક : ૦૯** થી રજુ પંચનામાની નકલ બતાવતા તેમાં પંચ નંબર–૦૧ તરીકે તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. પોલીસે તેઓની રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી જેથી તેઓને મુદ્દામાલ બતાવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં.

સદર સાહેદોને એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ હાથ ધરેલ છે પરંતુ, ફરિયાદ પક્ષને સમર્થનકારક પુરાવો બહાર આવવા પામેલ નથી. સદર પંચ સાહેદોને આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કંઈ જાણતા નથી.

(૭.૩) **આંક : ૧૦** થી પોલીસ સાહેદ **રાજેન્દ્રપ્રસાદ નટવરલાલ** તથા **આંક : ૧૧** થી પોલીસ સાહેદ **રોહિતસિંહ નાથુસિંહ** નાઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, "અમો તા.૨૪.૦૭.૧૭ ના રોજ અમો કલોલ તાલુકા પો.સ્ટે.માં હે. કો. તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે અમો તહા બીજા પોલીસ

સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતાં–ફરતાં ધમાસણા ગામના નાકે આવેલ એસ્સાર પેટ્રોલ પંપ પાસે આવતા બાતમી મળેલ કે ધમાસણા ગામના સીમાડા પાસે આવેલ હારીયાના તળાવ ના કિનારા નજીક બાવળના ઝાળામા કનુજી ફકીરજી ઠાકોર ગે કા પરપ્રાતીય ઇંગ્લીશ દારૂની બોટલોનો સગ્રહ કરી રાખેલ છે. જેથી બાતમીવાળી જગ્યાએ નજીકમાથી પંચો બોલાવી રેઇડ કરવાની સમજ કરી પ્રોહી રેઇડ કરતા રેઇડ દરમ્યાન એક ઇસમ બાવળના ઝાળામાં બેસેલ હતા તેનું નામ પુછતાં પોતાનું નામ કનુજી ફકીરજી ઠાકોર રહે. આરસોડીયા કલોલવાળા જણાવેલુ અને એક ઝાડના થળના ઓથમાં વીમલ પાન મસાલા લખેલ થેલાઓ નંગ–૦૩ મળી આવેલા જેમા જોતા કુલ ૫૩ કાચની ઇગલીશ દારુની શીલબધ બોટલો અલગ અલગ માર્કાની મળી આવેલ જેની કિંમત રૂ.૧૫,૯૦૦/– ગણી વિગતવારનુ પચનામું કરેલુ. આરોપી વિરુધ્ધ વિજયસિંહે નવલસિંહનાઓએ ફરીયાદ આપેલી ત ક અમલદારે મારો જવાબ લીધેલો. હુ આરોપીને ઓળખુ છુ જે આજરોજ અદાલતમા હાજર છે ''.

ઉપરોકત બંને સાહેદોએ બચાવપક્ષે હાથ ધરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે પેટ્રોલીગમા માત્ર પોલીસ સ્ટાફના માણસો જ હતા. એ વાત ખરી છે કે મારા નિવેદનમા ઉલ્લેખ નથી કે અમો પોલીસ સ્ટાફના માણસો કેટલે થી કેટલા સમયમા પેટ્રોલીગમા હતા. એ વાત ખરી છે કે અમોએ પેટ્રોલીગમા હતા તેની સ્ટેશન ડાયરીમા નોધ કરેલ નહિ. એ વાત ખરી છે કે સમગ્ર રેઇડ દરમ્યાન અમો હાજર હતા. એ વાત ખરી છે કે કહેવાતો મુદામાલ ખુલ્લી જગયામાંથી તેમજ બિનવારસી મળેલો. એ વાત ખરી નથી કે

આરોપીની અગઝડતીમાથી કહેવાતો મુદામાલ મળેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો મુદામાલ ઝાડના થળમાથી મળેલો સાહેદ જણાવે છે કે આરોપીએ બતાવેલ. એ વાત ખરી છે કે બનાવ સ્થળે આરોપીની હાજરી હોઇ અને આરોપીની અટક કરેલ હોઇ જેથી આરોપીને ઓળખી બતાવુ છુ. એ વાત ખરી નથી કે અમો પોલીસ સ્ટાફના માણસો હોઇ ફરીયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છું."

**(૭.૪)આંક : ૧૨** થી તપાસ કરનાર અમલદાર **નરેશભાઈ વિરજીભાઈ**એ તેમની સરતપાસમાં જણાવેલ છે કે**,** ''અમો તા.૨૪.૦૭.૧૭ ના રોજ અમો કલોલ તાલુકા પો.સ્ટે.માં હે. કો. તરીકે ફરજ બજાવતા હતાં ત્યારે અમો તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતાં-ફરતાં ધમાસણા ગામના નાકે આવેલ એસ.આર.પેટ્રોલ પંપ પાસે આવતા બાતમી મળેલ કે ધમાસણા ગામના સીમાડા પાસે આવેલ હારીયાના તળાવના કિનારા નજીક બાવળના ઝાળામા કનુજી ફકીરજી ઠાકોર ગે.કા. પરપ્રાતીય ઇંગ્લીશ દારૂની બોટલોનો સંગ્રહ કરી રાખેલ છે. જેથી બાતમીવાળી જગ્યાએ નજીકમાંથી પંચો બોલાવી રેઇડ કરવાની સમજ કરી પ્રોહી રેઇડ કરતા રેઇડ દરમ્યાન એક ઇસમ બાવળના ઝાળામાં બેસલ હતા તેનું નામ પુછતાં પોતાનું નામ કનુજી ફકીરજી ઠાકોર રહે આરસોડીયા કલોલવાળા જણાવેલુ અને એક ઝાડના થળના ઓથમાં વીમલ પાન મસાલા લખેલ થેલાઓ નંગ-૦૩ મળી આવેલા જેમા જોતા કુલ-૫૩ કાચની ઇંગલીશ દારૂની શીલબંધ બોટલો અલગ અલગ માર્કાની મળી આવેલ જેની કિંમત રૂા.૧૫,૯૦૦/- ગણી વિગતવારનુ પચનામું કરેલુ. આરોપી વિરૂદ્ધ વિજયસિંહે નવલસિંહનાઓએ ફરીયાદ

આપેલી. ત્યારબાદ સદર ફરિયાદ રજીસ્ટર થઈ આગળની તપાસ અમારી પાસે આવતાં સદર કામે અમોએ સાહેદોના નિવેદનો લીધેલા અને ત્યારબાદ આરોપીને અટક કરી નામદાર અદાલતમાં રજુ કરેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો પડતો હોઈ, નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને હું ઓળખું છું."

ત.ક.અમલદારની બચાવ પક્ષે હાથ ધરેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે પેટ્રોલીગમાં માત્ર પોલીસ સ્ટાફના માણસો જ હતા. એ વાત ખરી છે કે મારા નિવેદનમા ઉલ્લેખ નથી કે અમો પોલીસ સ્ટાફના માણસો કેટલે થી કેટલા સમયમાં પેટ્રોલીંગમા હતા. એ વાત ખરી છે કે અમોએ પેટ્રોલીગમા હતા તેની સ્ટેશન ડાયરીમા નોધ કરેલ નહિ. એ વાત ખરી છે કે, કહેવાતો મુદ્દામાલ ખુલ્લી જગ્યામાંથી તેમજ બિનવારસી મળેલો. એ વાત ખરી છે નથી કે, પંચનામું પો.સ્ટે.માં બેસી તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે, આરોપીની અગંઝડતીમાંથી કહેવાતો મુદામાલ મળેલ નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદના આધારે સાહેદોના નિવેદનો લખી લીધેલા. એ વાત ખરી છે કે, પંચો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે, કહેવાતો મુદામાલ ઝાડના થળમાથી મળેલો સાહેદ જણાવે છે કે આરોપીએ બતાવેલ. એ વાત ખરી છે કે બનાવ સ્થળે આરોપીની હાજરી હોઇ અને આરોપીની અટક કરેલ હોઇ જેથી આરોપીને ઓળખી બતાવું છુ. એ વાત ખરી નથી કે, અમો પોલીસ સ્ટાફના માણસો હોઇ ફરીયાદના સમર્થનમાં ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છું."

<u>રેકર્ડ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

(૦૮) ઉપરોક્ત રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર પુરાવો લક્ષ્યમાં લઈએ તો, આ કામે તપાસેલ પંચ સાહેદોએ રેઈડની કાર્યવાહી અંગે કરવામાં આવેલ પંચનામાંની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરિયાદ પક્ષે વિ.વ.શ્રીએ કરેલ સરતપાસમાં પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ છે. આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં પંચ સાહેદો જણાવે છે કે, સહી કર્યા સિવાય બીજું કંઈ જાણતાં નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ ફરિયાદીએ તેમની ફરજના ભાગરૂપે કરેલ પોલીસ કાર્યવાહી મુજબનો પુરાવો આપેલ છે. તેઓના પુરાવાને અન્ય કોઇ તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી.

વધુમાં, આ કામે સોગંદ ઉપર તપાસેલ તમામ પોલીસ સાહેદોએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સદર કામે કબજે કરેલ મુદ્દમાલ ખુલ્લી જગ્યમાંથી ઝાડના થડમાંથી બિનવારસી મળેલો. આરોપીની અંગઝડતીમાંથી સદર કહેવાતો મુદ્દામાલ મળેલ નથી. વધુમાં, આ કામે સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેથી, માત્ર પોલીસ સાહેદો તથા ત.ક.અમલદારની જુબાની પર આધાર રાખી હાલના આરોપીને તકસીરવાન ઠેરવવા યોગ્ય, વાજબી અને ન્યાયી જણાઇ આવતું ન હોઈ, તથા આરોપીઓને આક્ષેપિત ગુના સાથે સાંકળતી કોઇ હકીકત રેકર્ડ પર આવતી ન હોઈ, તેવા સંજોગોમાં ફરિયાદ પક્ષ ઉપરોક્ત હકીકતે પોતાનો હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, **મુદ્દા નં.૧ નો નિર્ણય**

**નકારમાં** આપી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

- આ કામના આરોપી **કનુજી ફકીરજી ઠાકોર** ને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧)** અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(ઈ), ૧૧૬** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસારની કાર્યવાહી અનુસરી નિકાલ કરવા હુકમ કરવામાં આવે છે.

- સીઆર.પી.સી. ની કલમ–૪૩૭(એ) અન્વયે જો આરોપી સામે નામદાર અપીલ અદાલત ખાતે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦,/– (અંકે રૂપિયા દસ હજાર પુરાં) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપી હાજર રહેતાં ન હોઈ અને આજરોજ પણ હાજર ન હોઈ, આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) અનુસંધાને બિનજામીનલાયક વોરંટ ઈસ્યુ કરવું.

હુકમ આજરોજ તારીખ **૦૬** માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૬/૦૬/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |